ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૨/૨૨-૨૩/ e-106075 તારીખ : 16.03.23

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી હિંમતસિંહ ઉદેસિંહ મકવાણા,**
**બી-૧૨, યોગીનગર,જુના ચર્ચ સામે,**
**દાળમીલ રોડ,**
**સુરેન્દ્રનગર.**

કેસ નં.૮૨/૨૨-૨૩

**મો.નં- ૯૪૨૪૨ ૯૦૭૯૪**

**વિષય : અમારા વિજ કનેકશન નું મીટર ફાસ્ટ ફરતું હોવા અંગેના બિલ બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૧/૧૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૨/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૨/૨૨-૨૩/૪૧૪૭ તા.૨૬/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૨/૨૨-૨૩/૪૧૯૩ તા.૨૯/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૦૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી-૧, **સુરેન્દ્રનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૨/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી હિંમતસિંહ ઉદેસિંહ મકવાણા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૦/૦૧/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી હિંમતસિંહ ઉદેસિંહ મકવાણા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી હિંમતસિંહ ઉદેસિંહ મકવાણા, મું.સુરેન્દ્રનગર, જી.સુરેન્દ્રનગરની અમારા વિજ કનેકશનનું મીટર ફાસ્ટ ફરતું હોવા અંગેના બિલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૨/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૨/૨૨–૨૩/૪૧૪૭ તા.૨૬/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૦/૦૧/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી હિંમતસિંહ ઉદેસિંહ મકવાણા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી જણાવે છે કે, હું હિંમતસિંહ ઉદેસિંહ મકવાણા, રહે.સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર શહેર–૧ પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહક નં–૨૫૧૦૪/૦૧૧૦૪/૬ થી ૦.૫ કિ.વો. નું ઘર વપરાશનું વિજ કનેકશન તા.૦૮/૦૯/૨૦૦૮ થી ધરાવુ છું.

૧.૨ વાદી ની રજુઆત છે કે, અમે સદર વિજ કનેકશન ૨૫ વર્ષ થી ધરાવીએ છીએ. અમારે કોઈ બિલ રૂ.૫૦૦૦/– થી વધુ આવેલ નથી. દરેક વિજ બિલ રૂ.૨૫૦૦/– થી રૂ.૪૦૦૦/– ની આસપાસ જ આવે છે.

૧.૩ માહે ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૨ માં ૧૯૭૨ યુનિટનું રૂ.૧૬,૮૮૮/૫૯ નું વિજ બિલ આપવામાં આવેલ છે. અમો દ્વારા વિજ વપરાશમાં કોઈપણ જાતનો વધારો કરેલ નહી હોવા છતાં, મોટી રકમનું વિજ બિલ આવેલ છે. તેમ વાદીએ જણાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ અમારૂં મીટર ફાસ્ટ હોવાની અરજી આપી જે મીટર લેબમાં ટેસ્ટીંગ કરતા, મીટર બરાબર છે તેમ જણાવેલ છે. જે બાબતે અમોને ક્ષતિ હોય તેમ જણાય છે. તો સદર બાબતે યોગ્ય કરવા વાદીએ રજૂઆત કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી મકવાણા હિંમતસિંહ ઉદેસિંહ, સુરેન્દ્રનગર શહેર–૧ પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહક નં–૨૫૧૦૪/૦૧૧૦૪/૬ થી ૦.૫ કિ.વો નું ઘર વપરાશનું વિજ કનેકશન તા.૦૮/૦૯/૨૦૦૮ થી ધરાવે છે.

૨.૨ વાદીને ત્યાં વિજ કચેરીના મીટર રીડર તા.૩૦/૦૯/૨૦૨૨ ના રોજ વિજ બિલ બનાવવા જતા મીટર માં ૨૦૩૯૪ રીડીંગ જોવા મળેલ હતા. અને પાછળનો વપરાશ ૧૮૪૨૨ હતો. જેનો તફાવત ગણી મીટર રીડર દ્વારા નિયમ મુજબ ૧૯૭૨ યુનિટ નો વપરાશ લઈને રૂા.૧૬૮૮૮/૫૯ નું વિજ બિલ વાદીને આપવામાં આવેલ હતું.

૨.૩ વાદીને સદર બિલ વધુ આવેલ હોવાથી, તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ પેટા વિભાગીય કચેરી ખાતે ફાસ્ટ મીટર હોવા બાબતની અરજી કરવામાં આવેલ હતી. જે અનુસંધાને વિજ કચેરી દ્વારા વાદીનું મીટર તા.૦૫/૧૧/૨૦૨૨ ના રોજ બદલવામાં આવેલ હતું. સદર મીટર તા.૧૭/૧૧/૨૦૨૨ ના રોજ લેબમાં વાદીની હાજરીમાં ખોલી, તપાસ કરવામાં આવેલ હતી.

૨.૪ લેબ તપાસમાં સદર મીટર બરાબર ફરતું હોવાનું જણાયેલ હતું. સદર મીટર L&T કંપની નું હોય, એમ.આર.આઈ રીપોર્ટ નહી નીકળતા રીડીંગ શીટ ભરવામાં આવેલ છે. જેમાં, એમ.ડી. પણ ૨.૦૨, ૨.૧૬ અને ૨.૫૨ આવેલ છે. જે પરથી મીટરમાં વપરાશ થયેલ હોવાનું જણાય છે.

૨.૫ આમ, લેબ તપાસના આધારે સદર મીટર બરાબર ફરતું હોય, મીટર રીડર દ્વારા જે બિલ વાદીને રૂા.૧૬૮૮૮/૫૯ નું આપવામાં આવેલ છે, તે વિજ બિલ વાદીને ભરવાના થાય છે, તેમ અમારૂં મંતવ્ય છે. જે આપની જાણ સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી હિંમતસિંહ ઉદેસિંહ મકવાણા, સુરેન્દ્રનગર ખાતે ગ્રાહક નં–૨૫૧૦૪/૦૧૧૦૪/૬ થી ઘર વપરાશનું વિજ કનેકશન ધરાવે છે. જેમાં, પ્રતિવાદી દ્વારા ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૨ નું ૧૯૭૨ યુનિટ નું ૧૬,૮૮૮/૫૯ નું બિલ આપતા, તે અંગે વિવાદ ઉપસ્થિત થતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા ૧૦.૦૧.૨૦૨૩ ના રોજ ની રૂબરૂ સુનાવણી દરમ્યાન બન્ને પક્ષકારો હાજર છે, તથા તેની રજૂઆતો કરી, દસ્તાવેજો રજુ કરેલ છે.

૩.૩ વાદીની મોટી રકમના બિલની રજૂઆતને લઈને પ્રતિવાદી દ્વારા સદર મીટર હોવા અંગેની કાર્યવાહીના ભાગરૂપે તા.૦૫/૧૧/૨૦૨૨ ના રોજ મીટર બદલી આપવામાં આવેલ. તેમજ તા.૧૭/૧૧/૨૦૨૨ ના રોજ ગ્રાહકની હાજરીમાં ખોલી, તપાસ કરવામાં આવેલ. જે દરમ્યાન, મીટર બરાબર ફરતું હોવાનું જણાયેલ. પરંતુ, L&T

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કંપની નું હોય, એમ.આર.આઈ રીપોર્ટ ન આવતા, રેકોર્ડેડ એમ.ડી., ૨.૦૨, ૨.૧૬, ૨.૫૨ ના આધારે વિજ વપરાશ માલૂમ પડતા, વપરાશનું બિલ આપવામાં આવેલ. જે કાર્યવાહી બરોબર માલૂમ પડે છે.

૩.૪ સદરહુ જુના L&T મીટર નો એમ.આર.આઈ ન આવતા, મીટર ફાસ્ટ કરવા અંગે વધુ પારદર્શી તારણ પર આવવા માટે, આજરોજ રૂબરૂ સુનાવણીમાં મીટરને L&T કંપનીમાં મોકલી, રીપોર્ટ મેળવી, ફોરમ ને રજૂ કરવા પ્રતિવાદીને જણાવવામાં આવેલ.

3.૫ પ્રતિવાદીની કચેરી દ્વારા મીટરની વધુ ચકાસણી અર્થે એલ. એન્ડ ટી કંપનીમાં તા. ૧૦.૦૧.૨૩ના રોજ મોકલવામાં આવેલ. પરંતુ કંપની દ્વારા કોઈ વિશેષ ટિપ્પણી વગર પરત કરવામાં આવેલ. જેને લઇ ને ફરીવાર પ્રતિવાદી દ્વારા ડીટેઈલ રીપોટ માટે મોકલવામાં આવેલ,

3.૬ ઉપરોક્ત રજુ થયેલ રેકર્ડ અને બિલીંગ હિસ્ટ્રી જોતા ફોરમને જણાય છે કે વાદીનું ઓગ-સપ્ટે.-૨૨ પહેલાના સમયમાં નિયમિત બિલીંગ થયેલ નથી, તથા ત્રાંત્રિક રીતે મીટર યોગ્ય જણાય છે. આથી પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ ઓગ-સપ્ટે.-૨૨ નું ૧૯૭૨ યુંનિટનું બીલ બરાબર છે અને વાદી એ તે ભરવાપાત્ર છે.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં "3.૬" મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૦/૦૧/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar